બી.પી.ની દવાનો સ્ટોક ન હોવાથી દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૧

સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં છેલ્લા પંદર દિવસથી બ્લડપ્રેશરની દવાનો સ્ટોક ન હોવાથી જિલ્લામાંથી આવનાર દર્દીઓને મુશ્કેલી પડી રહી છે. દર્દીઓ માટે જેનરિક દવાઓએ જ આપવાની સુચનાને પગલે ડૉક્ટર દ્વારા મેડીકલ પરથી દવા લેવાનું સુચન કરવામાં આવતુ નથી. તેમજ રોગી કલ્યાણ સમિતિની આવકમાંથી પણ દવાઓની ખરીદી કરવામાં આવતી નથી ત્યારે ગાંધીનગર શહેર વસાહત મંડળે રજુઆત કરી છે કે દર્દીઓને પડતી મુશ્કેલીનો ઝડપથી નિરાકરણ લાવવામાં આવે.

ઉપ વર્ષિય પરિણીતાનો રાયપુર નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત

પરિણીતાના કાકાએ પોલીસને જાણ કરી : ગઈ રાત્રે ઘરેથી ચાલી ગઈ હતી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક મહિલાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને જાણ થતા તપાસ કરી તો આપઘાત કરનાર મહિલા ગઈ રાત્રે ગુમ થયેલી દહેગામની ઉપ વર્ષિય પરિણીતા હોવાનું બહાર આવ્યું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

દહેગામના ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતી ત્રણ સંતાનોની ઉપ વર્ષિય માતા જ્યોત્સનાબેન મનોજભાઈ સોલંકી ગઈકાલે રાત્રે ઘરેથી કોઈને કોઈ કહ્યા વિના ચાલ્યા ગયા હતા. દરમ્યાન આજે બપોરે રાયપુર નર્મદા કેનાલમાંથી તેણીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને મૃતક પરિણીતાના કાકાએ જાણ કરી હતી. ડભોડા પોલીસે કેનાલમાંથી મૃતદેહ કઢાવી પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. પરિણીતાએ કરેલા આપઘાતનું કારણ હજુ સ્પષ્ટ થયુ નથી. પોલીસે કારણ બહાર લાવવા તપાસ આરંભી છે.

તસ્કરોનો મોમાઈલ-લેપટોપના શૉ રૂમમાં હાથફેરો

સે. ૧૧ ડ્રીમ ઈલેક્ટ્રોનીક્સમાંથી ૮.૫૮ લાખનો માલ સાફ...!

શૉ રૂમમાં ઉપરની દુકાનના દરવાજાનું તાળુ તોડીને એક શખ્સ ઘુસ્યો ને થેલીમાં ૮૩ કિંમતી મોબાઈલ, ૨ ટેબલેટ અને ૨ લેપટોપ ભરી ગયો : ચોર કેમેરામાં કેદ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સે. ૧૧ સુમન સીટી કોમ્પ્લેક્ષમાં સ્થિત ડ્રીમ ઈલેક્ટ્રોનીક્સ શૉ રૂમમાં આજે પરોઢીયે ઉપરની દુકાનના દરવાજાનું તાળુ તોડીને એક શખ્સ ઘુસ્યો હતો અને કિંમતી મોબાઈલો, લેપટોપ તથા ટેબલેટ જે હાથમાં આવ્યું તે એક થેલામાં ભરીને કુલ રૂ. ૮.૫૮ લાખનો માલ સામાન ઉપાડી ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આ શખ્સ શૉ રૂમના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે. સે. ૭ પોલીસે ગુનો દાખલ કરીને કુટેજને આધારે ચોરને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

શૉ રૂમ ડ્રીમ ઈલેક્ટ્રોનીક્સની ઉપરની દુકાનમાંથી એક શખ્સ વહેલી સવારે પાંચેક વાગ્યાના અરસામાં શૉ રૂમમાં ઘુસ્યો હતો. હાથમાં એક સળીયો અને ટોર્ચ લઈને ઘુસેલો આ યુવાન શખ્સની તમામ મોબાઈલોના જથ્થા વચ્ચે કિંમતી ઉપકરણોની ચોરી કરીને ફરાર થઈ

જ મોબાઈલો શોધી શોધીને ૮૩ બોક્સ પેક મોબાઈલો થેલામાં ભર્યા બાદ આ શખ્સે બે ટેબલેટ ઉઠાવ્યા હતા. લેપટોપ બહાર ખુલ્લામાં શૉ માટે મુકેલા હતા તેને હાથ પણ ન લગાડ્યો અને નવા પેટીપેક બે લેપટોપ ઉપાડીને થેલીમાં નાંખી દીધા હતા. ગણતરીની મીનીટોમાં આ શખ્સ ૮૩ મોબાઈલ, ૨ લેપટોપ અને ૨ ટેબલેટ મળીને કુલ રૂ. ૮,૫૮,૯૫૮ રૂપિયાના ઈલેક્ટ્રોનીક્સ હરકતો શૉ રૂમના કેમેરામાં કેદ થઈ ગઈ છે. સસ્તા અને કિંમતી ગયો હતો. સે. ૭ પોલીસ અને એલસીબીની ટીમ ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કેમેરામાં કેદ થયેલા ચોરના વીડિયો કુટેજ તથા ફોટો નિકાળી તેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. ડૉગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતોને પણ બોલાવી લેવામાં આવ્યા હતા. સે. ૭ પોલીસે રાજેશભાઈ ઠક્કરની ફરીયાદને આધારે ગુનો નોંધી સેકન્ડ પીઆઈએ તપાસ શરૂ કરી છે.

રક્તદાન - મહાદાન : કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે સંસ્થાના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલના જન્મ દિને સેક્ટર-૧૫ના કેમ્પસમાં રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. અંદાજે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રક્તદાન કરી સદ્‌ગત માણેકલાલ પટેલને સ્મરણાંજલિ આપી હતી. (તસવીર : દિપક જાની)

સત્સંગ કિર્તન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર, ગાંધીનગર દ્વારા ભજન સત્સંગ કાર્યક્રમ આજ રોજ, રવિવાર, સાંજે ૪-૦૦ કલાકે વિજયભાઈ ઠકકરના નિવાસ સ્થાન-અવધ, મ.નં. ૧૨, એલ.જી. હોસ્પિટલ સામે મણીનગર ખાતે યોજવામાં આવશે.

વાળંદ સમાજનો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૧

શ્રી ચોર્યાસી જૂથ વાળંદ સમાજનો ૧૯મો સમૂહ લગ્નોત્સવ તા. ૮ ફેબ્રુઆરી શનિવારના રોજ નિલકંઠ મહાદેવ મંદિર, રખિયાલ રોડ, દહેગામ ખાતે યોજવામાં આવશે. સમૂહ લગ્નોત્સવમાં સમાજના જ્ઞાતિ જનોને તન, મન, ધનથી સહભાગી થઈ નવ દંપતિઓને આશીર્વાદ આપવા પધારવા જણાવાયું છે.

ચારણ-ગઢવી સમાજે આભાર માન્યો

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ તરીકે ગઢવી ચારણ સમાજના યોગેશભાઈ ગઢવીની અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવતા અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ગુજરાત સરકારનો આભાર વ્યકત કર્યો છે.

ગુજરાતના વિખ્યાત લોકગાયક અને ગૌરવ પુરસ્કાર વિજેતા યોગેશ ગઢવી તેમની ગાયકી અને સાહિત્યની રુચી ધરાવે છે. તેમનો કલા પ્રત્યેનો પ્રેમ અને ભાવનાની કદર કરવામાં આવી છે ત્યારે ટ્રસ્ટના ભરત કવિ, રવિદાનજી મોઢ, સમરથદાન ઝુલા સહિતના અગ્રણીઓએ વરણીને બિરદાવી રાજય સરકારનો આભાર વ્યકત કર્યો છે.

ગુડાની આવાસ યોજના અન્વયે ૭ અરજદારોના ફોર્મ રદ !

ફોર્મ ચકાસણીની કાર્યવાહી પૂર્ણ કરી દેવાઈ

ગાંધીનગર, તા.૧

રાયસણમાં નિર્માણ પામતી ગુડાની શુભ-લાભ આવાસ યોજના અન્વયે ૧૨૫૦ અરજદારોની અરજીના ફોર્મની ચકાસણી પૂર્ણ કરી દેવાઈ છે. જયારે આ પૈકી ૭ જેટલા ફોર્મ રદ કરવામાં આવ્યા છે. ૧૨૪૩ અરજદારોને આવાસની ફાળવણી કરવા માટે ડ્રોની તારીખ હજુ નક્કી થઈ નથી.

રાયસણમાં ઓછી આવક ધરાવતા પરીવારજનો માટે શુભ-લાભ આવાસ યોજનાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આવાસ યોજનાને લઈ સેમ્પલ હાઉસ પણ તૈયાર કરી દેવાયું છે. જયારે આવાસો તૈયાર કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. આવાસ યોજનાને લઈ લીફટની સુવિધા પણ ઉભી કરવામાં આવનાર છે. નમૂનારૂપ આવાસ યોજનાને લઈ અરજદારોમાં પણ ડ્રોની પ્રક્રિયા માટે ઈન્તેજાર સેવાઈ રહ્યો છે. શુભ-લાભ આવાસ યોજના માટે શહેરી વિકાસ સત્તા મંડળને ૧૨૫૦ જેટલા અરજદારોએ ફોર્મ સુપ્રત કરાવ્યા છે જયારે ફોર્મ ચકાસણીના અંતે આ પૈકી ૭ જેટલા ફોર્મ રદ કરવામાં આવ્યા છે. જેમાં એક જ નામની બે અરજીઓ ઉપરાંત લાગુ ન પડતા હોય તેવા કિસ્સામાં ફોર્મ રદ કરાયા હોવાનું ધ્યાને આવ્યું છે. ગુડાની આવાસ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. બીજી તરફ આવાસ યોજનાના ડ્રો અન્વયે વિલંબ થતા આ પ્રક્રીયા ઝડપભેર હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. અગાઉ દશેરા અને દિવાળીના સમયગાળા દરમિયાન આવાસ યોજના અન્વયે ડ્રોની પ્રક્રીયા હાથ ધરવા વિચારણા કરવામાં આવી હતી.

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકા યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ અરજીઓ નિકાલની સત્તાઓ

ગાંધીનગર, તા. ૧

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત જનસેવા કેન્દ્રો ખાતે મળેલ અરજીઓને ત્રણ જુદી જુદી કક્ષાએ નિકાલ કરવા માટે તાલુકા કક્ષાએ સત્તાઓ સોંપવામાં આવી છે.

સામાન્ય નાગરિકને માટે તેના સરકારી તંત્ર સાથેના કામકાજ માટે તાલુકાકક્ષાએ જ સંપર્ક કરી તેનો નિકાલ લાવવાનું સરળ અને શક્ય બને તે માટે રાજ્યભરમાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના તા. ૨૮મી એપ્રીલ-૨૦૧૧થી અમલી બનાવવામાં આવી છે અને તે માટે દરેક તાલુકામાં જનસેવા કેન્દ્ર ઉભા કરવામાં આવેલ છે.

સામાન્ય નાગરિક કઈ કઈ બાબતોને લગતી અરજી તાલુકાકક્ષાએ આવેલ જનસેવા કેન્દ્રમાં રજુ કરી શકશે અને તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે તે અંગેના હુકમો કરવાનું જરૂરી બનેલ.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની વિવિધ જોગવાઈઓ અંતર્ગત ભારતના સંવિધાનના શીડ્યુઅલ-૧૧માં બતાવેલ વિષયો પૈકીના કેટલાક વિષયો બાબતમાં નિર્ણય લેવા તેમજ હુકમો કરવા અંગેની સત્તાઓ પંચાયતોને આપવામાં આવેલ છે, આ વિષયો પૈકી કયા વિષયો અંગેની સામાન્ય નાગરીકની રજુઆત અરજીઓ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ શરૂ કરવામાં આવેલ જનસેવા કેન્દ્ર ખાતે સ્વીકારવામાં આવશે અને તેનો નિકાલ કઈ કક્ષાએ અને કેટલી સમય મર્યાદામાં કરવામાં આવશે એ નક્કી કરવામાં આવ્યું છે.

અ-કક્ષાની અરજીઓ વન-ડે ગવર્નન્સ પ્રકારની છે જેનો તાલુકા વિકાસ અધિકારીની કક્ષોથઈ એટલે કે સ્થાનિક સ્તરે નિકાલ થઈ શકશે. જ્યારે બ-કક્ષાની અરજીઓનો તાલુકા વિકાસ અધિકારીની કક્ષાએથી કામકાજના એક દિવસમાં નિકાલ થશે. જયારે ક - કક્ષાની હાલ સત્તા સોંપણી અંગેની સ્થાયી સૂચનાઓને ધ્યાનમાં લેતા આ કક્ષાની અરજી જિલ્લા કક્ષાના અધિકારી તરફ મોકલી આપવાની રહેશે.

સી.આઈ.એસ.એફ.ના જવાનની પત્નિનો આપઘાતનો પ્રયાસ

ગાંધીનગર શહેરના સે. ૧૨માં રહેતા એક સીઆઈએસએફના જવાનની ૨૫ વર્ષિય પત્નિએ આજે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરેથી દુપટ્ટાથી ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તાત્કાલિક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જઈ સારવાર શરૂ કરાવી દેવાતા મોતાના મોંમાંથી બહાર આવી ગઈ છે. સે. ૭ પોલીસે આપઘાતના પ્રયાસ અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ચિલોડા મોટા ખાતે આમ આદમી પાર્ટીના પદયાત્રીનું ઉષ્માભર્યું સ્વાગત

ચિલોડા, તા.૧

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા, મગોડી તથા ડભોડા ખાતે તાજેતરમાં આમ આદમી પાર્ટીનું કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં 'આપ' દ્વારા કાર્યકરોએ સભ્ય નોંધણી અને સંપર્ક પ્રક્રીયા વધુ વેગવાન બનાવવા થનથનાટ અનુભવી રહ્યા છે.

જયારે એક અનોખા પદયાત્રી તરીકે મુંબઈથી દિલ્હી-દિલ્હીના મુખ્યમંત્રીશ્રી કેજરીવાલને મુલાકાત લેવા તથા પાર્ટી તરફ વધુ વફાદારી દર્શાવવા તા. ૧૦મી જાન્યુઆરીથી નીકળેલા મુંબઈવાસી 'આપ' પાર્ટીના સંનિષ્ઠ કાર્યકર શ્રી દેવેન્દ્ર શર્મા ગુજરાત રાજયના મુખ્ય શહેરોમાં મુંબઈ, સુરત, વાપી, વલસાડ, નવસારી, અંકલેશ્વર, ભરૂચ, આણંદ, અમદાવાદ, ગાંધીનગર થઈ ચિલોડા ચોકડી આવતા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આમ ૧૫૦૦ કિ.મી.ની પદયાત્રા કરનાર દેવેન્દ્ર શર્મા ચિલોડા આવતા ગોવિંદભાઈ કે. રાઠોડે (પેથાપુર) ખુબ ઉષ્માભર્યું સ્વાગત કરી તેઓ પ્રાંતિજ સુધી પદયાત્રી તરીકે જોડાયા હતાં. આ પદયાત્રી સમગ્ર સ્થળે પાર્ટીમાં યુવકોમાં જોમ પુરું પાડી રહ્યા છે.

ત્રીસ વર્ષની સરકારી સેવા બાદ નિવૃત્ત થતા કે. જી. વણઝારા

ગાંધીનગર, તા. ૧

સરકારી સેવામાં જિલ્લામાં કારકુનથી માંડી નાયબ કલેક્ટર અને સચિવાલયમાં કારકુનથી માંડી અધિક સચિવ સુધીની સેવા બજાવનાર બક્ષીપંચ જાતિઓના લોકપ્રિય નિયામક શ્રી કે.જી. વણઝારા ૩૬ વર્ષની લાંબી સેવાના અંતે તા. ૩૧-૧-૨૦૧૪ના રોજ નિવૃત્ત થયેલ છે. સન ૧૯૭૩માં ઓલ્ડ એસ.એસ.સી.માં ગણિત/વિજ્ઞાન વિષયોમાં ૮૮ ટકા માર્ક સાથે પાસ થનાર શ્રી કે.જી. વણઝારાએ એમ.બી.બી.એસ.ના અભ્યાસની તક જતી કરીને અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ. થયા છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની કારકુનથી માંડી નયાબ કલેક્ટર સુધીની વર્ગ-૩ થી વર્ગ-૧ સુધીની વિવિધ સાત સ્પર્ધાત્મક પરીક્ષાઓએકથી પાંચ ક્રમાંક પાસ કરનાર શ્રી કે.જી. વમઝારાએ તમામ રાજકીય પક્ષોની સરકારોમાં આઠ મંત્રીશ્રીઓ સાથે અંગત સચિવ તરીકે પણ સેવાઓ બજાવેલી છે. રાજય સરકારના તમામ છબ્બીસ વિભાગોમાં પ્રત્યક્ષ કામગીરીનો અનુભવ ધરાવે છે. શ્રી વણઝારાએ સતત ૨૦

વર્ષ સુધી ગુજરાત સચિવાલય વર્ગ-૧ એસોસિએશનના મહામંત્રી/પ્રમુખ તરીકે પણ સેવાઓ બજાવી છે.

નિયામક તરીકે ૧૨ વર્ષની ઉપરોક્ત વિરલ સિદ્ધિઓ માટે શ્રી વણઝારાએ મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણા અને માર્ગદર્શનને યશ આપી નિવૃત્તિ વેળાએ તેમના પ્રત્યે આભારની લાગણી પણ વ્યક્ત કરી હતી. ચાલુ સરકારી નોકરીમાં ગોલ્ડ મેડલ અને ગોલ્ડ કપ સાથે સ્પેશીયલ એલ.એલ.બી.ના અભ્યાસ માટે તત્કાલિન ગુજરાત સરકારના કાયદા મંત્રીશ્રી અને કાયદા સચિવે પણ શ્રી વણઝારાનું સન ૧૯૯૬માં જાહેર સન્માન કર્યું હતું.

લોકસંગીત અને લોકનૃત્યના જાણકાર, શ્રી વણઝારા જોડીયા પાવાના જાણીતા કલાકાર હોવા ઉપરાંત ઉપેન્દ્ર ત્રિવેદી, નરેશ કનોડીયા અને હિતેનકુમાર સહિત અનેક કલાકારો સાથે ગુજરાતી નાટકો, સિરિયલો અને ફિલ્મોમાં અભિનય આપી ચૂક્યા છે.

નિવૃત્તિ પછી પણ જાતિ ધર્મના ભેદભાવ વગર છેવાડાના જરૂરિયાતમંદો માટે વિવિધ મોર્ચે લડત ચાલુ રાખવાનો શ્રી વણઝારાએ નિર્ધાર કર્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯
સૂર્યાસ્ત : ૬.૧૭

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૭ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જયહો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૨.૪૫, ૬.૪૫
વન બાય ટુ : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જયહો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જયહો :૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

જયહો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

વિરાગ સિનેમા(કલોલ)

જયહો :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે.

સિંહ : સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે.

વૃશ્ચિક : નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

કુંભ : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

મીન : ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. આવકના સ્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. બળદેવજી ઉદાજી બિહોલા (ઉ.વ. ૬૩) મુ. પાલજ. તા.જી. ગાંધીનગર.
- સ્વ. જયોત્સનાબેન શાંતિલાલ પંચોલી (ઉ.વ. ૭૯) પ્લોટ નં. ૬૬૨/૧, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. જયોત્સનાબેન રસેન્દ્રભાઈ વોરા (ઉ.વ.૭૬) પ્લોટ નં. ૭૮૫/૧, સેકટર-૭બી, ગાંધીનગર.
- સ્વ. વનમાળીભાઈ વસંતજી મિસ્ત્રી (ઉ.વ. ૮૧) પ્લોટ નં. ૫૭૪/૧, સેકટર-૮, ગાંધીનગર.